### દેવગઢબારિયા પાલિકા પ્રકરણમાં કાનૂની ગૂંચવણ: અવિશ્વાસની દરખાસ્ત ફરી ચર્ચામાં

# અફવા કે ફેક્ટ? હાઈકોર્ટનો લેખિત ઓર્ડર ન આવે ત્યાં સુધી પ્રમુખપદ નિલ સોની પાસે યથાવત્

**લેખિત હુકમ** વિના જીતનો જશ્ન? દેવગઢબારિયા પાલિકા મુદ્દે હાઈકોર્ટના ઓર્ડરની રાહ




(પ્રતિનિધિ) દાહોદ, તા. 14

કાનૂની નિષ્ણાતોના મતે લેખિત હુકમ વિના કોઈપણ રાજકીય દાવો માત્ર અફવા સમાન ગણાય. દેવગઢબારિયા નગરપાલિકા પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટના તાજેતરના મૌખિક અવલોકન બાદ રાજકીય ગરમાવો વધ્યો છે. ભાજપના કાર્યકર્તાઓએ જીતનો જશ્ન મનાવ્યો હોવા છતાં, હકીકતમાં પ્રમુખપદ હજી પણ નિલ સોની પાસે જ યથાવત્ છે.

નગરપાલિકામાં સત્તા માટે લાંબા સમયથી ચાલી રહેલા હાઈ-વોલ્ટેજ ડ્રામામાં તાજેતરમાં નવો વળાંક આવ્યો છે. હાઈકોર્ટની સુનાવણી બાદ ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં સત્તાવાર, લેખિત ઓર્ડર હજી સુધી ઓનલાઈન અપલોડ થયો નથી. પરિણામે નગરજનો, સભ્યો અને કાનૂની નિષ્ણાતોમાં અવિશ્વાસની દરખાસ્ત અને પ્રમુખપદની ચૂંટણીની માન્યતા અંગે ચર્ચા તેજ બની છે.

સૂત્રો મુજબ, હાઈકોર્ટે મૌખિક રીતે માત્ર એટલું જણાવ્યું છે કે અવિશ્વાસની મીટિંગ પ્રક્રિયામાં કોઈ ખામી છે કે નહીં તે તપાસાશે. એક વર્ષમાં ફરી અવિશ્વાસની દરખાસ્ત ન લાવી શકાય–એવો સીધો કાયદો ન હોવા છતાં, અગાઉના ન્યાયિક ચુકાદાઓના આધારે ઐતિહાસિક માન્યતા દર્શાવવામાં આવે છે. આ કેસમાં 16 સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત મંજૂર થયા બાદ કલેકટર દ્વારા નિયમ મુજબ 25 દિવસની અંદર નવી ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણી પ્રક્રિયામાં ભાજપ તરફથી ધર્મેશ કલાલ અને વિરોધ પક્ષ તરફથી નિલ સોની ઉમેદવાર રહ્યા હતા. મતદાનમાં નિલ સોનીને 16 અને ધર્મેશ કલાલને 8 મત મળતાં નિલ સોની પ્રમુખપદે વિજયી જાહેર થયા હતા. ત્યારબાદ ધર્મેશ કલાલે ચાર્જ સોંપી દીધો હતો અને ઉપપ્રમુખને કાર્યકારી પ્રમુખ તરીકે જવાબદારી સોંપાઈ હતી–જે પ્રક્રિયા કાનૂની રીતે ચાલુ હોવાનું સંકેત આપે છે. નિલ સોની પ્રમુખ બન્યા બાદ 20 મુદ્દાની સામાન્ય સભા બોલાવી, સમિતિઓની નિમણૂક, ખાતાની વહેંચણી અને વિકાસ સંબંધિત મુદ્દાઓ પર મંજૂરી પ્રક્રિયા પૂર્ણ કરી–જે તમામ પગલાં બંધારણ મુજબ ગણાય છે. હાલ સ્થિતિ એવી છે કે હાઈકોર્ટનો સત્તાવાર, લેખિત ઓર્ડર હજી જાહેર થયો નથી. આથી અવિશ્વાસની દરખાસ્ત માન્ય કે અમાન્ય, પ્રમુખપદની ચૂંટણી યોગ્ય કે નહીં, તેમજ લેવાયેલા તમામ ઠરાવો પર અંતિમ કાનૂની સ્પષ્ટતા બાકી છે. નિષ્ણાતોનું સ્પષ્ટ કહેવું છે કે લેખિત હુકમ વિના કોઈપણ રાજકીય દાવો માત્ર અફવા સમાન છે. આગામી દિવસોમાં હાઈકોર્ટનો સત્તાવાર ઓર્ડર આવ્યા બાદ જ સમગ્ર મામલે અંતિમ સ્થિતિ સ્પષ્ટ થશે.

# હાલોલની MGM હાઈ.માં કારકિર્દી સેમિનાર યોજાશે

**આણંદ કૃષિ** યુનિવર્સિટી દ્વારા 16મીએ કૃષિ સંલગ્ન કારકિર્દી માર્ગદર્શન આપશે

(પ્રતિનિધિ) હાલોલ, તા.14

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ચાલી રહેલ કૃષિ તેમજ તેને સંલગ્ન ધોરણ 12 પછીના સ્નાતક કક્ષાના અને ધોરણ 10 પછીના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો વિશે માહિતગાર કરવા હાલોલમાં એમ.જી. એમ. હાઈસ્કુલ ખાતે 16મી ડિસેમ્બરના રોજ માર્ગદર્શન અને કારકિર્દીલક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ચાલતા કૃષિ, બાગાયત, કૃષિ ઈજનેરી, ફૂડ ટેક્નોલૉજી, એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી જેવા વિવિધ ડિપ્લોમા અને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની એડમીશન પ્રક્રિયા અંગે , જેતે અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ રાજગારીની તકો અંગે તેમજ પ્રવર્તમાન સમયમાં આ અભ્યાસક્રમોની અગત્યતા અંગે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને માહિતગાર કરવા માટેનો આ માર્ગદર્શન સેમિનાર તારીખ ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે એમ.જી. એમ. હાઈસ્કુલ, હાલોલ ખાતે યોજાનાર છે. આ સેમિનારમાં માર્ગદર્શન અને કારકિર્દીલક્ષી માહિતી આપવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

### મકાનમાં આગ લગતા અફરા તફરી નો માહોલ સર્જાયો

# બોડેલીના અલીખેરવા વિસ્તારમાં નર્મદા વસાહતના મકાનમાં આગ

**ઉંદર સળગતો** દીવો ખેંચી લઈ જતા ગાદલામાં ઘુસવાથી ઘરમાં આગ લાગી હતી



(પ્રતિનિધિ) બોડેલી, તા.14

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આવેલ અલીખેરવા વિસ્તારમાં આવેલ નર્મદા વસાહત ખાતે એક મકાનમાં આગ લાગતા અફરા તફરી નો માહોલ જોવા સર્જાયો હતો સમગ્ર મામલે ઘરમાં રહેતા લોકોનો આબ્બાજ બચાવ થયો હતો મકાન માં રહેતા લોકો પાસે વીજ બિલ ભરવાના પૈસા ના હોતા તેઓ વીજ બિલ ભર્યો નહતો જેથી કરીને તેમનો વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યું હતું જેને લઈ પરિવાર દિવા ના પ્રકાશનો સહારો લઈ રહેતા હતા જ્યારે સમગ્ર મામલે સળગતો દીવો ઉંદર દ્વારા ખેંચવામાં આવતા ગોદડા પર દીવો પડતા ઘરમાં આગ લાગી હતી અને અફરા તફરી નો માહોલ સર્જાયો હતો જ્યારે બનાવ બનતા લોકટોળા ભેગા થયાં હતાં. અને સ્થાનિક લોકોની મદદ અને ફાયર ફાઈટર ની ટીમ દ્વારા આગને કાબુમાં લેવામાં આવી હતી.

# શિનોરના સાધલી ગામે ધાબળાનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ) શિનોર, તા.14

શિનોર તાલુકાના સાધલી ગામે વિકલાંગ માનવ સેવા ટ્રસ્ટ તેમજ શ્રી રંગ સેવા ટ્રસ્ટ તેમજ દાતા શ્રીમતિ કમરા બેન સી વાળંદ ના સંયુક્ત ઉપક્રમે ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું.

વડોદરા જિલ્લાના સિનોર તાલુકાના સાધલી પંચવટી ગાર્ડનમાં વિકલાંગ હેન્ડિકેપ તેમજ જરૂરિયાતમંદ લોકોને ધાબળા નું વિતરણ કરવામાં આવ્યું હતું.

સેવાકીય સંસ્થા વિકલાંગ માનવ સેવા ટ્રસ્ટ તેમજ શ્રી રંગ સેવા ટ્રસ્ટ તેમજ દાતા શ્રીમતિ કમળા બેન સી વાળંદ ના સંયુક્ત ઉપક્રમે અંદાજિત 100 થી વધુ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ સમયે આમંત્રણ ને માન આપી સાધલી ગ્રામ પંચાયતના ઉપ સરપંચ સંકેત પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સંસ્થાઓ દ્વારા દર વર્ષે જરૂરિયાતમંદ લોકોને સ્કૂલબેગ. ધાબળા.ટ્રાયસિકલ સહિતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવતું હોય છે.

### બોડેલીની ખત્રી વિદ્યાલય ખાતે ઝોન કક્ષાની રસ્સા ખેંચ યોજાઇ



ખેલ મહાકુંભ 2025 અંતર્ગત પૂર્વ ઝોન કક્ષાની રસ્સા ખેંચની સ્પર્ધા ખત્રી વિદ્યાલય બોડેલી મુકામે યોજાયો હતો. જેનો ઉદઘાટન સમારોહ 13/12/2025 ને શનિવાર ના રોજ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે તાલુકા પંચાયત પ્રમુખ શીતલબેન ,છોટાઉદેપુર જિલ્લાના શિક્ષણ નિરીક્ષક કે. બી. પાંચાણી સાહેબ, હિતેશવાળા,બોડેલી શાળાના પ્રમુખ, મંત્રી તથા મંડળ ના સભ્યો તથા છોટાઉદેપુર જિલ્લાના રમત ગમત અધિકારી વિક્રમભાઈ ભીલ અને ઓફિસ આસિસ્ટન્ટ વિજયભાઈ બામણીયા અને પરમાર રિધ્ધિબેન સાહેબે હાજર રહ્યા. પૂર્વ ઝોનમાં દાહોદ, આણંદ, પંચમહાલ, મહીસાગર, વડોદરા ગ્રામ્ય, વડોદરા શહેર, છોટાઉદેપુર, બોટાદ,ખેડા જિલ્લાઓએ ભાગ લીધો. જેમાં કુલ 145 ખેલાડીઓ ભાગ લીધો.above 40 માં ખેડા જિલ્લાની ટીમ વિજેતા બની અને વડોદરા ગ્રામ્ય રનર્સ અપ થઈ અને અંડર 17 માં દાહોદ વિજેતા અને છોટાઉદેપુર રનર્સ અપ બની આ બંને ટીમો રાજ્યકક્ષાએ ભાગ લેશે. આવતીકાલે 8 જિલ્લાની અબવ 40 અને અબવ 60ની સ્પર્ધા યોજાશે.

# દાહોદ જિલ્લા પંચાયતમાં SRM રિવ્યુ બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.14

દાહોદ જિલ્લામાં તારીખ 10 થી 13 ડિસેમ્બર દરમિયાન આરોગ્ય વિષયક કાર્યક્રમો અને કામગીરીના મુલ્યાંકન અર્થે રાજ્ય કક્ષાએથી નિયુક્ત કરવામાં આવેલ SRM (સ્ટેટ રીવ્યુ મિશન)ની ટીમ દ્વારા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલ આરોગ્ય કચેરીઓ તેમજ HWC, PHC, CHC,SDH તેમજ જિલ્લા હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન આરોગ્યના વિવિધ કાર્યક્રમોની અમલવારી, સેવાઓની ગુણવત્તા, ઉપલબ્ધ સુવિધાઓ તેમજ કાર્યપ્રણાલી અંગે ટીમ દ્વારા વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન થયેલા નિરીક્ષણના આધારે આરોગ્યના વિવિધ કાર્યક્રમો સબબ ટીમના પ્રતિભાવો, અમલીકરણમાં સુધારા તેમજ આદર્શ કામગીરી બાબતે વિગતવાર ફીડબેક જિલ્લા પંચાયત દાહોદના સભાખંડ ખાતે આયોજિત બેઠકમાં પાવરપોઈન્ટ સ્લાઈડ ના માધ્યમથી રજૂ કરવામાં આવ્યું હતું.

આ ફીડબેક આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત દાહોદ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO)ને રજૂ કરવામાં આવ્યું હતું. SRM ટીમની મુલાકાત, તેમના દ્વારા લીધેલ અવલોકનોના આધારે જિલ્લામાં આરોગ્ય સેવાઓની હાલની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું તેમજ દરેક કક્ષાએ જરૂરી સુધારાઓ, ત્રુટીઓ અને સારી કામગીરી બાબતે ઉપસ્થિત સહુને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.

# કપડવંજના ફતિયાવાદ ગામમાં દીપડાની આશંકાથી પ્રજામાં ભય

**બે પશુઓનું** મારણ કર્યું હોવાનું વિસ્તારના રહીશોએ જણાવ્યું

(પ્રતિનિધિ) કપડવંજ તા.14

કપડવંજ તાલુકાના ફતિયાવાદ ગામમાં દિપડાએ દેખા દીધી હોવાની વાતને લઈને ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે.વન્ય પશુ દેખા દીધી હોય તે અંગે ગ્રામજનોની ફરીયાદના આધારે વન વિભાગ દ્વારા તાત્કાલિક પાંજરૂ મુકી તકેદારીના પગલા હાથ ધરવામાં આવ્યા છે.



કપડવંજ તાલુકાના ફતિયાવાદ ગામમાં દિપડાએ દેખા દીધી હોવાની વાતને લઈને ગામમાં ભયનો માહેલો છવાઈ ગયો છે.જેને પગલે ગ્રામજનોએ સમય સુચકતા દાખવી વન વિભાગ-કપડવંજને જાણ કરતા વન વિભાગે તાત્કાલિક પાંજરૂ મુકી લાંબો સમય સુધી વોચ રાખી હતી. સતત બીજા દિવસે પણ વન વિભાગ દ્વારા વોચ રાખવામાં આવી રહી છે.અલબત્ત ગ્રામજનોનું દ્રઢ પણે માનવું છે કે વન્ય પ્રાણી કાબરચિતરા રંગનો દિપડો હોવાનું જણાવી રહ્યા છે. વન્ય પ્રાણીએ એક બકરીનું મારણ કર્યું છે.જેથી ગ્રામજનોએ તેને પકડવાની કોશિષ કરી હતી પરંતુ ભાગી ગયો હતો. અને એક બકરો પણ લઈ ગયો હોવાનું જણાવી રહ્યા છે.આ અંગે વન અધિકારી વિનલ પટેલે જણાવ્યું હતું કે વન્ય પ્રાણી આવ્યું હોવાની માહિતી મળતા વન્ય પ્રાણી પકડવા માટે તાત્કાલિક પાંજરૂ મુકવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અને લાંબો સમય સુધી દેખરેખ રાખ્યા બાદ પણ કોઈ વન્ય પ્રાણી જોવામાં આવ્યું નથી.સાથે સાથે નર્મદા નહેર પાસે ઘાટ ઝાડી વિસ્તાર હોવાને કારણે વન્ય પ્રાણી જોવામાં આવ્યું નથી.પરંતુ આ અંગે તપાસ ચાલુ હોવાનું તેઓએ જણાવ્યું હતું.

# દાહોદમાં જ્ઞાન સ્મૃતિ દિવસ નિમિત્તે પરીક્ષાનું આયોજન કરાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.14

બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટ ,બિરસા મુંડા આદિવાસી સમાજ ભવન દ્વારા શ્રી સ્વર્ગસ્થ વી.એમ. પારગી (આઈપીએસ રિટાયર્ડ) સ્મૃતિ જ્ઞાન દિવસની યાદગાર પળોને જીવંત રાખવા સ્પર્ધાત્મક સ્કોલરશીપ પરીક્ષા આજરોજ 14/12/2025 ના રોજ 11.00થી 1.00 દરમિયાન શ્રી આઈ રમીલા આર્ટસ કોલેજ છાપરી અને ગુરુકુલ વિદ્યાલય છાપરી આમ બે સ્થળો પર યોજાઈ સારી એવી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પરીક્ષા આપી. આજરોજ સંપન્ન થયેલ સામાન્ય જ્ઞાન સ્પર્ધાત્મક સ્કોલરશીપ પરીક્ષામા ભાગ લેનાર તમામ પરીક્ષાથી ભાઈ બહેનોનો બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટ, બિરસા મુંડા આદિવાસી સમાજ ભવન ખુબ ખુબ આભાર માને છે. આ પરીક્ષા આયોજન કામગીરીમાં મદદરૂપ થનાર તમામ ભાઈ બહેનોનો પણ સમાજ ભવન ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે .બંને સ્થળના પરીક્ષા સ્થળના બિલ્ડીંગ આ કામગીરી માટે ફાળવી આપવા બદલ સંબંધિત સંસ્થાના વહીવટીકર્તાઓનો પણ સમાજ ભવન ખુબ ખુબ આભાર માને છે. પરીક્ષા માટે જરૂરી પોલીસ બંદોબસ્ત ફાળવવા બદલ જિલ્લા પોલીસ તંત્રનો પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે. પ્રેસ મીડિયાનો પણ ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે . બિરસા આદિવાસી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, મેનેજમેન્ટ ટીમના સદસ્યો, સુપરવાઈઝર તરીકે કામગીરી કરનાર મિત્રોનો પણ ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

# દાહોદ શહેરમાં ખાડામાં મોપેડ પડતાં મહિલા સહિત 3 ઘવાયાં

**પાલિકાની** બેદરકારી ફરી બહાર આવી

(પ્રતિનિધિ) દાહોદ, તા.14

દાહોદ શહેરના વ્યસ્ત સ્ટેશન રોડ પર નગરપાલિકા દ્વારા પાણીના વાલ્વ માટે ખોદવામાં આવેલા ખુલ્લા ખાડાએ અકસ્માતને આમંત્રણ આપ્યું છે. ચાર થાબલા રોડ તરફથી બસ સ્ટેશન તરફ જઈ રહેલી મોપેડ પર સવાર બાળક સહિત ત્રણ લોકો મોપેડ સાથે અચાનક ખાડામાં પડી જતા એક મહિલાને ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ સ્થળ પર લોકોનું ટોળું ભેગું થયું હતું અને ખુલ્લા ખાડા અંગે નગરપાલિકાની કામગીરી સામે રોષ જોવા મળ્યો હતો.



### સ્થાનિકોએ 108 મારફતે હોસ્પિટલ ખસેડ્યાં

મહિલા મોપેડ ચાલક મોપેડ પર એક બાળક અને અન્ય મહિલાને બેસાડી જઈ રહી હતી. આ દરમિયાન સ્ટેશન રોડ પર સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા મોપેડ સીધો પાલિકા દ્વારા ખોદવામાં આવેલા આશરે ચાર ફૂટ ઊંડા ખાડામાં પડી ગયો હતો. આથી,આસપાસના લોકો દોડી આવ્યા અને ખાડામાં પડેલા બાળક સહિત બે મહિલાઓને બહાર કાઢી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

# બારેલામાં આગની ઘટનાના પગલે સાંસદે મુલાકાત લીધી

**આગની** ઘટનામાં પાંચ ભાઈઓના પરિવારના મકાન બળીને ખાક

(પ્રતિનિધિ) સિંગવડ, તા.14

સિંગવડ તાલુકાના બારેલા ગામે તારીખ ૯/૧૨/૨૫ની મોડી રાત્રે લાગેલી ભયંકર આગમાં પટેલ પ્રતાપભાઈ વજાભાઈ તથા તેમના ચાર ભાઈઓના પરિવારના મકાનો સંપૂર્ણ રીતે બળીને ખાક થઈ ગયા હતા. આ આગની ઘટનામાં ઘરવખરી સહિત મોટાપાયે નુકસાન થયું હતું. ઘટનાની જાણ થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

આ દુર્ઘટનાની જાણ દાહોદના સાંસદ જશવંતસિંહ એસ. ભાભોરને થતાં તેમણે તાત્કાલિક લીમખેડાના ધારાસભ્ય શૈલેશભાઈ એસ. ભાભોરને સ્થળ પર મોકલી માહિતી મેળવી હતી. દિલ્હીથી પરત આવ્યા બાદ સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર, જિલ્લા પંચાયતના સદસ્ય, પાર્ટી પ્રમુખ મહેશભાઈ બારીયા, તાલુકા પંચાયતના સદસ્ય, સામાજિક કાર્યકર દિનેશભાઈ તેમજ સરપંચ અને તલાટી કમ મંત્રી સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા.

સાંસદ તથા અન્ય આગેવાનોએ અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક ઘરવખરી અને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની કીટ વિતરીત કરી હતી. સાથે જ આગથી બળીને ખાક થયેલા મકાનો માટે સરકાર તરફથી મળતી તમામ પ્રકારની સહાય તાત્કાલિક ઉપલબ્ધ થાય તે માટે સરકારી તંત્રને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

# કાલોલના હિંમતપુરા નજીક હાઈવે પર ટેન્કર-ઈકો ગાડી વચ્ચે અકસ્માત

(પ્રતિનિધિ) કાલોલ, તા.14

કાલોલ તાલુકાના હિંમતપુરા ગામ નજીક આવેલા એચપી પેટ્રોલ પંપ પાસેના ગોધરા-વડોદરા હાઈવે રોડ પર આજે ટેન્કર અને મારૂતિ ઈકો ગાડી વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટેન્કર ચાલકે પોતાની કબજાનું ટેન્કર નં. GJ-06-AZ-9370 બેફામ ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા, કાલોલ તાલુકાના ખરસાલીયા ગામના રહેવાસી જગદીશભાઈ મોહનભાઈ સોલંકીની મારૂતિ ઈકો ફોર વ્હીલ ગાડી નં. GJ-13-AH-1006ને ટક્કર મારી હતી.



આ અકસ્માતમાં ઈકો ગાડીમાં સવાર કુલ પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી, જેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં જગદીશભાઈ મોહનભાઈ સોલંકી - જમણા હાથના પંજા, છાતી તથા માથાના ભાગે ઈજા, અશોકભાઈ રમેશભાઈ સોલંકી - જમણા હાથના કાંડાના ભાગે ઈજા, ગોવિંદભાઈ ચંદુભાઈ ચૌહાણ - માથાના ભાગે ઈજા, સાહેદ શૈલેષભાઈ રઘુનાથસિંહ સોલંકી, ફરિયાદી ભરતકુમાર જામાભાઈ સોલંકી - શરીરે મુઢમારની ઈજાઓનો સમાવેશ થાય છે. જે તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરી સારવાર આપવામાં આવી રહી છે. આ અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં ટેન્કર ચાલક વિરુદ્ધ ગફલતભરી ડ્રાઈવિંગ તથા અકસ્માત સર્જવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.